# રણાસણ ખાતે કેન્ડલ માર્ચ રેલી યોજી ન્યાયની માંગ

## મૃતક પરણિતાના પિયરપક્ષનો આક્ષેપ અમારી દિકરીની હત્યા થઈ છે : ન્યાયીક તપાસની માંગ

પ્રાંતિજ, તા. ૨૧

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રણાસણ ગામની ગુમ થયેલ પરણિતાની લાશ કલોલના જાસપુર ગામ પાસે આવેલ નર્મદા કેનાલમાંથી મળી આવી હતી. દિકરીના પિતા ભાઈઓ તથા ભાભીનો આક્ષેપ કે કરાવ્યા હતા અને તેને એક દિકરો અને એક દિકરી છે. રણાસણની પરણિતા અમિતાબેન શૈલેષભાઈ રાવલ કે જેવો તા. ૯-૧૧-૨૦૧૯ અને ૧૦-૧૧-૨૦૧૯ તારીખના દિવસે મામાની દિકરીના લગ્ન પ્રસંગમાં રણાસણથી વિજાપુર મુકામે ગયા હતા જેમાં બીજા દિવસે હતી અને વિજાપુર પોલીસ સ્ટેશનમાં પણ અમિતાબેન ગુમ થયાની જાણ કરી હતી. પરણિતા અમિતાબેન ગુમ થયાને ત્રીજા દિવસે કલોલના જાસપુર ગામ પાસે આવેલ નર્મદા કેનાલમાંથી લાશ મળી આવી હતી. સ્થાનિક પોલીસ દ્વારા લાશની ઓળખ થઈ છતાં પોલીસ સ્ટેશનમાં કેશ નોંધવામાં આવ્યો ન હતો. ત્યારે ઘટનાના પાંચ દિવસ બાદ મોડે મોડે વિજાપુર પોલીસ દ્વારા કેસ નોંધવામાં આવ્યો છે. હાલ તો આત્મહત્યા કે હત્યા વચ્ચે ઉલજન વચ્ચે કેસ નોંધવામાં આવ્યો છે અને જો વિજાપુર પોલીસ દ્વારા પડશે પણ એક વાત તો ચોક્કસ છે કે કુદરતને ત્યાં દેર છે પણ અંધેર નથી. આરોપીઓ કોઈ પણ હોય પણ પોલીસના સંકજામાંથી દુર કયા સુધી ભાગશે. ત્યારે હાલ તો મૃતક અમિતાબેનના પિયર પક્ષમાંથી પિતા ભાઈઓ તથા સંગા સબંધીઓ પોલીસ પાસે તથા



દિકરીની હત્યા કરવામાં આવી છે. પોલીસ દ્વારા ન્યાયિક તપાસ થાય તેવી માંગ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના આજોલ ગામે રહેતા રાવલ સુખદેવભાઈ કચરાભાઈની દિકરી અમિતાબેનના અગિયાર વર્ષ પહેલા મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રણાસણ ખાતે સમાજના રીત રીવાજ મુજબ લગ્ન ૧૦-૧૧-૨૦૧૯ના રોજ તેમના સગાસંબંધીઓને તથા પિતા-ભાઈ-ભાભીઓને મળીને વિજાપુરથી રણાસણ ઘરે જવા નિકળ્યા હતા અને ઘરે મોડે સુધી પરતના પહોચતા અમિતાબેનના પતિ દ્વારા અમિતાબેનના ભાઈઓને ફોન ઉપર જાણ કરી હતી કે તમારા બહેન હજુ સુધી ઘરે કેમ આવ્યા નથી અને પરણિતાના પતિ અને ભાઈઓ દ્વારા શોધખોળ હાથ ધરી ના હતી. ન્યુઝ પેપરમાં અજાણ્યા યુવતીની લાશ મળી આવી હોવાનું તથા તેના પહેરેલા કપડાં કલર સાથે સમાચાર પ્રસારિત થતાં તેનો ભાઈઓ તથા પતિ દ્વારા પોલીસ સ્ટેશન ખાતે દોડી આવ્યા હતા અને લાશની ઓળખ થઈ હતી. અમિતાબેનના ભાઈ દિપકભાઈ તથા જયેશભાઈ દ્વારા તેમની બહેનની હત્યા થઈ હોવાનું પોલીસ સમક્ષ રજુઆતો કરવા નિષ્પક્ષ રીતે તપાસ કરવામાં આવશે તો હત્યા કે આત્મહત્યા અને આત્મહત્યા હોય તો તેનું કારણ સહિત સમગ્ર ઘટના ઉપરથી પર્દાફાશ થઈ શકે છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે વિજાપુર પોલીસ દ્વારા નિષ્પક્ષ પણે તપાસ કરવામાં આવશે કે શું અને મૃતક અમિતાબેન કે તેના પિતા-ભાઈઓને ન્યાય મળ શે કે કેમ એ તો આવનારા દિવસોમાં જ ખબર સરકાર પાસે ન્યાયની માંગ કરેલ છે. તપોધન બ્રાહ્મણ સમાજના શ્રી બાવીસ ગામના લોકો દ્વારા પણ સમાજના ગામે-ગામ વિવિધ ગામોમાં કેન્ડલ માર્ચ રેલી યોજી મૃતક અમિતાબેનને શ્રધ્ધાંજલી અર્પે છે અને ન્યાયતંત્ર સમક્ષ પારદર્શી રીતે તપાસ થાય અને જે કોઈ આરોપીઓ હોય તેવોને કડકમાં કડક સજા થાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાંથી ૨૮ હજારના પુસ્તકો ચોરાયા

## અજાણ્યા શખ્સો રીક્ષામાં પુસ્તકો ભરીને જતા રહ્યા

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગરની જુની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના એક રૂમમાંથી ત્રણ દિવસ અગાઉ રીક્ષા લઈને આવેલા બે શખ્સો ધો. ૮ના જુના અભ્યાસક્રમના રૂ. ૨૮,૪૦૪ની કિંમતના અંદાજે ૧૩૯૮ પુસ્તકોની ચોરી કરી લઈ ગયાની ફરીયાદ બુધવારે હિંમતનગર બી. ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે કમલેશભાઈ અમૃતભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૧૯ નવેમ્બરની રાત્રે હિંમતનગરના અનિલભાઈ ઉર્ફે વાઈટનર રાકેશભાઈ હાથડીયા તથા ચેતનભાઈ પરમાનંદભાઈ મહેરાએ રીક્ષા નં. જીજે-૦૯-એએક્સ-૩૩૦૯માં આવીને જુની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના એક રૂમનું બારીનું પતરૂ ઉંચુ કરી અંદર પ્રવેશ કર્યો હતો.

ત્યારબાદ આ બંને શખ્સોએ ધો. ૮ના જુના અભ્યાસક્રમના વિવિધ વિષયોના અંદાજે રૂ. ૨૮,૪૦૪ કિંમતના ૧૩૯૮ પુસ્તકો રીક્ષામાં ભરીને ભાગી ગયા હતા. જે અંગે તપાસ કર્યા બાદ ચોરીમાં અનિલભાઈ હાથડીયા તથા ચેતનભાઈ મહેરા હોવાનું જણાઈ આવતા કમલેશભાઈ પટેલે બંને જણા વિરૂદ્ધ બુધવારે હિંમતનગર બી.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# પોગલુ સીમ પાસે આવેલ એસ્સાર પેટ્રોલ પંપની ઓફિસમાં ચોરી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોગલુ ગામની સીમમાં



આવેલ પેટ્રોલપંપ ખાતે રાત્રીના સમયે અજાણ્યા તસ્કરો દ્વારા ઓફિસમાં પ્રવેશ કરી તિજોરીમાં રહેલ રોકડ રકમ તથા ટેબલના ખાનામાં રહેલ રોકડ રકમ કુલ-૧,૭૯,૮૦૦ની કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ચોરી કરીને લઈ જતાં પેટ્રોલપંપ માલિક દ્વારા પોલીસ ફરીયાદ કરી.

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના પોગલુ ગામની સીમમાં આવેલ એસાર પેટ્રોલપંપ ખાતે તા.૨૦-૧૧-૨૦૧૯ના રોજ રાત્રીના ૨.૧૫ થી ૩ વાગ્યાના સમય દરમ્યાન ઓફિસના મેન દરવાજો તોડી અંદર પ્રવેશ કરી ટેબલના ખાનામાં રહેલ તિજોરીની ચાવીથી તિજોરી ખોલી તિજોરીમાં મુકેલ ૧,૩૫૦૦૦ તથા બાજુની રૂમમાંથી આખુ ટેબલ બહાર કાઢી પાછળના ભાગે લઈ જઈને ટેબલનું ખાનું તોડી અંદર થી ૪૪,૮૦૦ મળી કુલ ૧,૭૯,૮૦૦ ચોરી કરી અજાણ્યા તસ્કરો પ્રલાયન થતાં એસ્સાર પેટ્રોલ પંપ માલિક પટેલ ધવલકુમાર શૈલેષભાઈ દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતા પ્રાંતિજ પોલીસ ઘટના સ્થળે દોડી આવી આઈપીસી કલમ ૪૫૭, ૩૮૦ મુજબ ગુનો નોધી તપાસ હાથ ધરી હતી અને એસોજી તથા ડોગની પણ મદત લેવામાં આવી હતી.

# પાંજરાપોળ પાસે BRTS બસની અડફેટે બે સગા ભાઈના મોત થયા

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ શહેરમાં આજે એક અતિ કરૂણ અકસ્માતમાં, પાંજરાપોળ પાસે બીઆરટીએસ બસની જોરદાર અડફેટે બે સગા ભાઈઓના ઘટના સ્થળે જ મોત નીપજયા હતા. બીઆરટીએસ બસની ટક્કરથી અકસ્માતમાં બે સગા ભાઈઓના મોતને પગલે લોકોમાં જોરદાર આક્રોશ ફાટી નીકળ્યો હતો અને લોકો રીતસરના વિફર્યા હતા. રોષે ભરાયેલા લોકોએ બીઆરટીએસ બસ પર જોરદાર પથ્થરમારો કરી ભારે તોડફોડ મચાવી હતી. એક તબક્કે બસ સળગાવવાનો પ્રયાસ પણ કર્યો હતો. જો કે પોલીસે ઘટના સ્થળે પહોંચી જઈ બસને વધુ નુકસાન પહોંચતું અટકાવ્યું હતું. બે સગા ભાઈઓના મૃતદેહો એક કલાક સુધી રોડ પર પડી રહ્યા હતા.

દરમ્યાન સમગ્ર દુર્ઘટના અંગે કોંગ્રેસે મચાવેલા જોરદાર હોબાળા અને લોકોના આક્રોશને જોતાં અમ્યુકો સત્તાધીશો દ્વારા કસૂરવાર ડ્રાઈવરને તાત્કાલિક બરતરફ કરી દેવાયો હતો અને બીઆરટીએસ બસના કોન્ટ્રાકટરનો ખુલાસો માંગવામાં આવ્યો છે. આગામી દિવસોમાં કોન્ટ્રાકટર વિરૂધ્ધ પણ કાર્યવાહી થવાની પૂરી શકયતા છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચતા વિલંબ કર્યો હોવાનો સ્થાનિકોએ આરોપ લગાવ્યો હતો. અકસ્માત બાદ બીજી એક ગંભીર વાત એ સામે આવી હતી કે, અકસ્માતમાં ભોગ બનનાર બંને ભાઈઓના મોબાઈલ સ્ક્રિન લોક હતા જેના પગલે તેમના પરિવારજનોનો સંપર્ક કરવામાં હાજર લોકોને ભારે મુશ્કેલી પડી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ગુજરાત યુનિવર્સિટી સાઈડથી આવી રહેલા બે સગા ભાઈ નયનભાઈ રામ અને જયેશભાઈ રામનું પાંજરાપોળ ચાર રસ્તા પાસે બીઆરટીએસની અડફેટે ઘટનાસ્થળ પર જ મૃત્યુ થઈ ગયું હતું.

## ઉહાપોહ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

છે. ત્યારે અધ્યક્ષના આસન સુધી આવીને સાથે વાત ન કરો. ગૃહનું ગૌરવ અને પ્રતિષ્ઠા જાળવવી એ દરેક સભ્યની જવાબદારી છે,× અધ્યક્ષે કહ્યું કે હાથ પરના પ્રશ્નનો સમય ખૂબ મહત્વનો છે અને સાંસદોએ કાર્યવાહીમાં વિક્ષેપ ન મૂકવો જોઈએ.

વારંવાર સૂત્રો પોકારી રહેલા કોંગ્રેસના સાંસદોને તેમણે સમજાવ્યાં કે ×હું એક નવો સભ્ય છું. તમે વરિષ્ઠ છો. મહેરબાની કરીને વેલમાં ધસી ના આવો. સંયમ અને શિસ્ત જાળવો,× બિરલાએ વધુમાં કહ્યું કે, તેમણે કોંગ્રેસ દ્વારા રજૂ કરાયેલા સદનની કાર્યવાહી મુલતવી રાખવાના પ્રસ્તાવને તેમણે સ્વીકાર્યો નથી, તેમ છતાં પાર્ટીને ઝીરો અવર દરમિયાન બોલવાની મંજૂરી આપવા તૈયાર છે. ત્યારબાદ જ કોંગ્રેસના સાંસદો તેમની બેઠકો પર પરત ગયા હતા.

આ સમયે ચૌધરીએ કહ્યું અધ્યક્ષને ઉદ્દેશીને કહ્યું કે વિપક્ષ ગૃહની સુવ્યવસ્થિત કામગીરીમાં સહકાર આપે છે અને અધ્યક્ષ પણ તેમની સાથે એવો જ વ્યવહાર રાખે.

×તમે નવા નથી. તમે ગૃહના અધ્યક્ષ છો. અધ્યક્ષના સ્થાનનો અમે અનાદર નહીં કરીએ અમને ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉઠાવવા માટે સદનની કાર્યવાહી સ્થગિત કરવાની અમને ફરજ પાડવામાં આવે છે. અમે આ સૂચના આપી છે કારણ કે આ એક મોટુ કૌભાંડ છે. દેશને લૂટવામાં આવી રહ્યો છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ ગૃહમાં કહ્યું હતું કે સરકારે ચૂંટણીલક્ષી બોન્ડ જારી કર્યા છે, સરકારનો ભ્રષ્ટાચાર વધી ગયો છે. તેમણે કહ્યું કે ચૂંટણી બોન્ડના દાતાની જાણકારી હોતી નથી, કે કેટલું પૈસા ચૂકવવામાં આવ્યાં, કોને આપવામાં આવ્યાં તેની પણ કોઈ માહિતી હોતી નથી.

કોંગ્રેસના સાંસદ શશી થરૂરે ચૂંટણી બોન્ડ વિશે જણાવ્યું હતું કે, 'જ્યારે ચૂંટણી બોન્ડ રજૂ કરવામાં આવ્યા હતા, ત્યારે આપણામાંના ઘણાએ તેના પર ગંભીર વાંધો ઉઠાવ્યો હતો. અને આ બોન્ડ પાર્ટીને પ્રભાવિત કરવાનો કોઈ રસ્તો હોઈ શકે એમ પણ જણાવ્યું હતું.

અધ્યક્ષ એમ.વેંકૈયા નાયડુને ટેબલ પર જરૂરી દસ્તાવેજો મૂક્યા બાદ કહ્યું હતું કે કોંગ્રેસના મોહમ્મદ અલી ખાન, બી.કે. હરિપ્રસાદ અને ડાબેરી પક્ષોના સભ્યો, કે રાગેશ, ઈલામરામ કરીમ અને ટી.કે. રંગરાજન વગેરે જાહેર ક્ષેત્રના ઉપક્રમોના ડિસઈન્વેસ્ટમેન્ટ અને ચૂંટણી બોન્ડના મુદ્દે આરબીઆઈના વાંધા અંગે ચર્ચા કરવા વર્ક સસ્પેન્શન નોટીસ આપવામાં આવી છે. પરંતુ તેમણે આ નોટિસ સ્વીકારી નથી. તેમણે કહ્યું કે આ નોટિસોને કારણે અન્ય (મુદ્દાઓ) મુલતવી રાખીને તેને અગ્રતા આપી શકાય નથી.

કોંગ્રેસની સંસદીય વ્યૂહરચના બેઠક અંગે સૂત્રો કહે છે કે અમે ચૂંટણી બોન્ડના મુદ્દાને આટલી જલ્દીથી સમાપ્ત થવા દઈશું નહીં. અમે સરકારને જવાબદાર બનાવીશું.

## મેયરની સૂચના

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કરવામાં આવ્યા છે. સે. ૨૭માં વધારાની ગટરલાઈન નાખવાની કામગીરી આગામી એકાદ સપ્તાહમાં શરૂ થઈ જશે. સે. ૪ માં પણ લગભગ તમામ પ્રશ્નો દૂર કરી દેવામાં આવ્યા છે. હાલ સે. ૫ માં નવી ગટરલાઈન નાખવાની કામગીરી પ્રગતિ હેઠળ હોવાનુ પણ અધિક સચિવશ્રીએ આ બેઠકમાં જણાવ્યુ હતુ.

ગાંધીનગર શહેરમાં સ્માર્ટસીટી યોજના અંતર્ગત ગટર-વ્યવસ્થાના નવીનીકરણની રૂ. ૨૦૦ કરોડની કામગીરી અંગે ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ, તાંત્રિક ધોરણો અનુસાર ૩ માસમાં કરવા પણ મેયરશ્રીએ સૂચવ્યુ હતુ.

મેયર શ્રીમતિ રીટાબેન પટેલે જે સેક્ટરમાં માત્ર એક જ એક્ઝીટ પોઈંટ હોય ત્યાં એકથી વધુ આઉટલેટ કરવામાં આવે તેમ પણ સૂચવ્યુ હતુ. આ બધી કામગીરી ઝડપથી કરવાની સૂચના પણ તેમણે આપી હતી.

ગઈકાલે મનપાની સામાન્ય સભામાં શહેરમાં ઉભરાતી ગટરોનો મુદ્દો ખુબજ ચર્ચાયો હતો અને મેયરે આ ચર્ચામાં દરમ્યાનગીરી કરી આ બેઠક તેમણે બોલાવી છે તેવી હૈયાધારણ આપતાં કહ્યુ હતુ કે આ પ્રશ્ન ઝડપથી ઉકેલવામાં આવશે. ગટરલાઈનો જુની અને જર્જરિત થઈ હોવાનો પણ તેમણે એકરાર કર્યો હતો. તેમજ આ અંગે સ્માર્ટસીટી પ્રોજેકટ અંતર્ગત કામગીરી હાથ ધરવામાં આવી રહ્યાનું પણ તેમણે કહ્યુ હતુ.

## સમયસર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ધાર્મિક આશ્રમનો વહીવટ પ્રજા સમક્ષ ખુલ્લી કિતાબની જેમ પારદર્શક અને "પ્રાપ્ય" બનવો જોઈએ. ધાર્મિક આશ્રમોના દાન અને સંપત્તિના હિસાબ-કિતાબ સંપૂર્ણપણે પારદર્શી અને અંકુશાતાત્મક બનશે તો જ ધર્મના નામે ચાલતા ધતિંગ પર નિયંત્રણ આવશે અને ધર્મના નામે ચાલતી અધર્મી પ્રવૃતિઓ અટકશે અને સાચો સનાતન ધર્મ બદનામ થતા અટકશે.

## સોનુ જપ્ત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચકચાર મચી ગઈ હતી. સોનાના હાલના તોલાદીઠ ૩૯,૪૦૦ના ભાવ પ્રમાણે આ સોનાની કિંમત રૂ. ૭૦ લાખ થાય છે. આ પેસેન્જર ઈતિહાદની ફ્લાઈટમાં અબુધાબીથી બેસીને અમદાવાદ આવ્યો હતો. તેણે સોનાનું ડિક્લેરેશન નહી કરીને ૧.૮ કિલો સોનું ડ્યૂટી ભર્યા વગર બહાર લઈ જવા પ્રયાસ કર્યો હતો. જો કે, તે સફળ થયો ન હતો અને સત્તાવાળાઓના સ્કેનીંગમાં તે રંગેહાથ ઝડપાઈ ગયો હતો. સોનાની ડ્યૂટીમાં વધારો થવાથી વિદેશથી ટ્રાવેલ કરતા મુસાફરો દ્વારા જ્વેલરી, કોઈન અને ગોલ્ડ બારનાં રૂપમાં સોનાની ઈમ્પોર્ટ વધી છે. અત્યારે ૩૯ ટકા જેટલી કસ્ટમ ડ્યૂટી લગાવવામાં આવે છે એટલે કે સોનાનાં ૩૩ ટકા જેટલું ભારણ હોવાથી દાણચોરી વધી છે. થોડા સમય પહેલાં અમદાવાદ એરપોર્ટ પરથી એર ઈન્ટેલિજન્સ યુનિટે બેંગકોકથી સ્પાઈસ જેટની ફ્લાઈટમાં આવેલા રોબિન નામનાં એક પેસેન્જર પાસેથી દાણચોરીના અંદાજે ૧.૧૭ કરોડના ૩ કિલો ગોલ્ડ સાથે પકડી લીધો હતો. ચાલુ વર્ષે સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ પરથી કસ્ટમ્સનાં અધિકારીઓ દ્વારા સોનાની દાણચોરીનાં અલગ અલગ ૧૩૩ કેસમાં ૪ મહિલાઓ અને ૨૨ પુરુષોની ધરપકડ કરીને ૮૧.૪૧ કિલો સોનું (કિંમત રૂ.૩૦ કરોડથી વધુ) ઝડપી લેવાયું હતું. એરપોર્ટનાં સ્કેનિંગમાં સોનું ન પકડાય તે માટે લોકો કેવાં કેવાં પ્રકારની મોડસ ઓપરેન્ડી અપનાવે છે તે જોઈને ખુદ કસ્ટમનાં અધિકારીઓ પણ ચોંકી જાય છે.



## ડીસાના બાળકો નેશનલ શોટકટ કરાટેમાં ઝળકયા

ડીસાની સ્કાય ઈન્ટરનેશનલ મોન્ટેસરી સ્કૂલમાં અભ્યાસ સાથે જીવનલક્ષી કૌશલ્યનો વિકાસ થાય તે માટે પ્રયત્ન કરવામાં આવે છે. જે અન્વયે શારીરિક ક્ષમતા તેમજ આત્મવિશ્વાસ વધે તે માટે બાળકોને હેતુસર ટ્રેનિંગ આપવામાં આવે છે. શાળાના બાળકો અવારનવાર ચેમ્પિયનશિપમાં ભાગ લે છે અને જિલ્લા તથા રાજ્ય કક્ષાએ કરાટે કોચિંગમાં ભાગ લઈ શાળાનું નામ રોશન કરે છે. આ વર્ષે આણંદમાં આયોજિત ૧૧મી નેશનલ શોટકટ કરાટે ચેમ્પિયનમાં કેયા પટેલ અને ફાઈટમાં ગોલ્ડ મેડલ અને કાતામાં બોનઝ મેડલ તથા કૃતિ પરમારે ફાઈટમાં સિલ્વર મેડલ તથા નીલ ઠક્કરએ ફાઈટમાં બ્રોન્ઝ મેડલ તથા કાતામાં બ્રોન્ઝ મેડલ મેળવી સ્કાય ઈન્ટનેશનલ સ્કૂલ તથા ડીસાનું ગૌરવ વધાર્યું હતું. કોચ ભાવેશ પ્રજાપતિ તથા દિપક શર્મા અને અશ્વિન પ્રજાપતિ દ્વારા શાળામાં બાળકોને નિયમિત ટ્રેનિંગ આપવામાં આવે છે.

# અરવલ્લી જિલ્લાના ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓને પત્ર લખી માર્ગદર્શન અને પ્રોત્સાહિત કરાશે

અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ધોરણ.૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં અને વાલીઓમાં બોર્ડની પરીક્ષાને લઈને ભારે તાણ અનુભવતા હોય છે, ત્યારે વિદ્યાર્થીઓને હૂંફ મળી રહે તે માટે જીલ્લા શિક્ષણાધિકારી કચેરીએ શાળાઓને પરિપત્ર કરી વાલીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહિત કરવા માટે અને બોર્ડની પરીક્ષાનો ડર દૂર કરવા પત્ર લખવા પરિપત્ર કરી અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે.

આગામી દિવસોમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ યોજાનાર છે . ત્યારે શાળાઓ તરફથી વાલીઓને સંબોધીને એક પત્ર લખવામાં આવશે જેમાં પરીક્ષા એ જીવનનો એક પડાવ છે, સમગ્ર જીવન નથી. તે બાબત ધ્યાને રાખી આપશ્રી સમક્ષ કેટલીક વાતો રજૂ કરવી છે. આપણે સૌએ એ યાદ રાખવાનું છે કે, ઈશ્વરે તમામ બાળકોને એક સરખી બુદ્ધિ કે સંવેદનતંત્ર આપેલ નથી. દરેક વિદ્યાર્થીની રુચિ અને અભિરુચિ અલગ-અલગ પ્રકારે વ્યક્ત થતી જોવા મળે છે અને વિદ્યાર્થીને પોતાની અભિરુચિ મુજબ જો ભણવાનું મળે તો ચોક્કસ એ ખૂબ જ ઉત્સાહથી અને પ્રફુલ્લિત મનથી પરીક્ષામાં ભાગ લઈ શકે છે. આપણે સૌએ એ જાણવું જરૂરી છે કે, બાળકમાં કલા પ્રત્યે કે સંગીત પ્રત્યે કુદરતી લગાવ છે એવા બાળકને ગણિત કે ભૂમિતિના દાખલા પરાણે શીખવવામાં કોઈ શાણપણ નથી. જે બાળક સ્વાભાવિક રીતે ગીત-સંગીત જેવા વિષયમાં રસ ધરાવે છે. તેના માટે ઈતિહાસ કે સાહિત્યની બાબતો નકામી છે. જે બાળક રમતવીર તરીકે રુચિ ધરાવે છે તેના માટે ફીઝીકલ ફીટનેસ મહત્વની છે. નહિ કે ફીઝીક્સ વિષય, તમારું બાળક તેને સોંપવામાં આવેલ વિષયોમાં માર્ક્સ મેળવે તો તે બરાબર છે, પરંતુ એ એવું ન કરી શકે તો તેનો આત્મવિશ્વાસ અને તેનું ગૌરવ ન ઝંખવાય તે રીતે તેને હુંફ આપવી જરૂરી છે. આપના તરફથી આપના પાલ્યને એટલું જીવન શિક્ષણ અવશ્ય આપશો કે શાળાકીય શિક્ષણ એ વિશાળ જિંદગીનો એક નાનકડો હિસ્સો છે, જેના આધારે સમગ્ર જિંદગીનું મૂલ્યાંકન થઈ શક્યું નથી. દુનિયામાં ઘણા મહાન માણસો અને મહાન પુરુષો થઈ ગયેલ છે જે શાળાકીય શિક્ષણમાં સામાન્ય કે સરેરાશ પ્રતિભા ધરાવતા હોય પરંતુ તેમણે પોતાની જાતને અને જગતને ખૂબ જ ઉચ્ચ સ્થાને પહોચાડવામાં સફળતા મેળવેલ છે. આપણે એવું ન માનવું જોઈએ કે અમુક વ્યવસાય જેવા કે ડૉક્ટર્સ, એન્જિનિયર્સ, આઈ.એ.એસ. કે આઈ.આઈ.ટી.ના વિદ્યાર્થીઓ જ સુખી જીવન જીવી શકે છે. પરંતુ તે સિવાયનાં ક્ષેત્રો જેવા કે કલા સંગીત, અભિનય, સમાજસેવા, પત્રકારત્વ, રમતજગત- આ બધા ક્ષેત્રોમાં વિદ્યાર્થીને મોકળા મને એની પ્રતિભા ખીલવવાની એટલી જ વિશાળ તકો છે અને વ્યક્તિ ધારે તો આ ક્ષેત્રોમાં પણ પોતાનું સ્થાન અંકિત કરી જગતમાં નામના અને સંપત્તિ મેળવી શકે છે.



## ધનસુરા લાયબ્રેરીમાં ગ્રંથાલય સપ્તાહની ઉજવણી

ધનસુરા ખાતે રોહિત સમાજ ભવનમાં આવેલ બાળ લાયબ્રેરીમાં ગ્રંથાલય સપ્તાહ અંતર્ગત પુસ્તક પ્રદર્શન અને વાંચન કાર્યક્રમ કરવામાં આવ્યો. પૂજ્ય મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી પ્રસંગે લાયબ્રેરીમાં ગાંધીજીના પુસ્તકોનું પ્રદર્શન અને વાંચન કરાવવામાં આવ્યું. ચિરાગ પરમાર અને તેજસ રાઠોડે પ્રદર્શન ખુલ્લું મૂક્યું હતું. આ પ્રસંગે જન જાગૃતિ કેળવણી મંડળના પ્રમુખ ડો. એચ.કે. સોલંકીએ યુવાનોને વાંચનાભિમુખ બનવા આહવાન કર્યું હતું. સમાજમાંથી મોટી સંખ્યામાં બાળકો અને યુવાનો તથા સિનિયર સિટીજનો હાજર રહ્યા હતા. યુવાનોમાં પુસ્તકોના વાંચન પ્રત્યે અભિરુચિ જાગે તેવા આશયથી ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

### દેવુસિંહે ગૃહ રાજ્યમંત્રીને પત્ર લખી રજૂઆત કરી

# સાંસદ દેવુસિંહે ગૃહ વિભાગની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા

## બોરસદના એનઆરઆઇ પરિવારને એરપોર્ટ પર પોલીસ દ્વારા તપાસ બહાને કરાયેલી હેરાનગતિનો કિસ્સાને ટાંકયો

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ એરપોર્ટ પર પર નાગરિકો સાથે થઈ રહેલા અણછાજતા વર્તન મામલે ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણે ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાને પત્ર લખીને ગૃહ વિભાગની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા છે. તાજેતરમાં ન્યૂજર્સીથી બોરસદનો એન.આર.આઈ પરિવાર અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યા હતા અને તેઓ કારમાં બેસીને બોરસદ આવવા નીકળ્યાં હતાં, તે દરમ્યાન જ એરપોર્ટની બહાર જ ૧ કિ.મીના અંતરે અમદાવાદની પોલીસે તેઓની કાર અટકાવીને બે કલાક સુધી રોકી રાખીને તપાસના બહાને પરેશાન કર્યા હતા. આ મામલે ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણે ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાને લખેલા પત્રમાં લખ્યું કે, વંદે માતરમ સહ જણાવવાનું કે, મારા લોકસભા વિસ્તારના ખેડા-આણંદ જિલ્લાના અનેક પરિવારજનો વર્ષોથી વિદેશમાં વસવાટ કરે છે, ખૂબ જ મહેનત, પ્રમાણિકતાથી ગુજરાત અને દેશનું નામ રોશન કરીને વિદેશમાં પણ દેશને ગૌરવ થાય તેવું સન્માનજનક કાર્ય કરી રહ્યા છે. તેઓ માતૃભૂમિની લાગણીથી અવાર નવાર દાનનો પ્રવાહ વહેવડાવી શિક્ષણ, આરોગ્ય અને અન્ય માળખાકીય સુવિધાઓ પણ મારા મત વિસ્તારમાં ઉભી કરી છે. તેઓની સ્વદેશ યાત્રા દરમિયાન અમદાવાદ એરપોર્ટ આજુબાજુ આપના વિભાગના કર્મચારીઓ દ્વારા અણછાજતું વર્તન, ભ્રષ્ટાચારની અનેક ફરિયાદો આપને પણ મળી છે. તાજેતરમાં વિદેશ પ્રવાસમાં હતો ત્યારે મને અનેક રજૂઆતો મળી છે. હું અંગત રીતે માનું છું કે, ગૃહ વિભાગ કાયદો અને વ્યવસ્થાથી સરકારની શિસ્તબદ્ધ આબરૂ ઉભી કરી શકે છે. પરંતુ તેના બહાના હેઠળ ગુજરાત અને દેશને લાંછન લાગે તેવું કૃત્ય ઠીક નથી. આપને મારી ખરા દિલથી વિનંતિ છે કે, આપ યોગ્ય નિર્ણય કરી, ગેરશિસ્ત, ભ્રષ્ટાચાર આચરી ગુજરાતની આન-શાનને નુકસાન કરનારા તત્વોને કાબૂમાં રાખશો તેવી આશા સાથે.

## લૂંટ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતા. આ વ્યક્તિ પાસે છ કિલો સોનું હોવાની પ્રાથમિક માહિતી મળી છે જે પૈકી તપાસ હાથ ધરવામાં આવી ચુકી છે. સીસીટીવીના આધારે પોલીસ તપાસ ચાલી રહી છે. મુંબઈથી માર્કેટિંગ માટે આવેલા સોનાના વેપારી પાસેથી લૂંટની આ ઘટના બની હતી. વાસણા વિસ્તારમાં અંજલિ પાસે આ ઘટનામાં અઢી કિલો સોનાની લૂંટ થઈ હોવાની વિગત સપાટી ઉપર આવી છે. સોનાની અંદાજિત કિંમત એક કરોડ રૂપિયા હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે, લૂંટ માટે આવેલા શખ્સો પહેલાથી જ વેપારી પર નજર રાખી રહ્યા હતા અને તેની પાસે જંગી પ્રમાણમાં સોનું હોવાની વિગત પણ તેમને મળી હતી. લૂંટારા પરિસ્થિતિનો લાભ લઈને લૂટ કરીને ફરાર થયા હતા.